# કલોલના અશ્વિને જીતી હોન્ડા એક્ટિવા

## કલોલ, હોશિયારપુર, ફરિદાબાદ અને દિલ્લીના વિજેતાઓને ટેકનોકાર્ટે હોન્ડા એક્ટિવાની ચાવીઓ આપી, ગ્રાહકો તરફથી શાનદાર પ્રતિસાદ

કલોલ, તા. ૪

ટેકનોકાર્ટ ઈન્ડિયા લિ., દેશની એક પ્રમુખ કન્ઝ્યુમર ડ્યૂરેબલ રિટેલ કંપનીએ ડિજીવર્લ્ડ અને



નેક્સ્ટના રિટેલ આઉટલેટ્સ પર પુરસ્કાર વિરતરણ સમારોહનું આયોજન કર્યુ જે કલોલ, હોશિયારપુર, ફરીદાબાદ અને દિલ્લી સ્થિત છે. ગ્રાહકોએ આ માર્કેટિંગ ઓફરમાં ઉત્સાહ અને જોશ સાથે ભાગ લીધો અને પોતાના માટે હોન્ડા એક્ટિવા જીતી.

આ દરેક જગ્યાએ ભાગ્યશાળી વિજેતાઓને ઈનામ રૂપે હોન્ડા એક્ટિવાની ચાવીઓ આપવામાં આવી. આ ચાર વિજેતાઓમાં કલોલ, ગુજરાતથી શ્રી અશ્વિન, હોશિયારપુર પંજાબથી શ્રી નીરજ ચૌહાણ, ફરીદાબાદથી સુશ્રી જિની ફ્રાંસિસ અને દિલ્લીથી શ્રી સુરેન્દ્ર બેદી સામેલ છે.

પોતાના ગ્રાહકોને એક નવો અને શાનદાર અનુભવ આપવાની પોતાની આ અદ્વિતીય રજૂઆત પર પ્રતિક્રિયા આપતા કંપનીના સીઈઓ શ્રી સંજય કરવાએ કહ્યું કે, જે પ્રકારે ગ્રાહકોએ આ પ્રમોશનલ પ્રોગ્રામમાં ભાગ લેતા પ્રતિક્રિયા આપી છે, તે શાનદાર છે. અમે અમારા ગ્રાહકો માટે આ પ્રકારની પ્રમોશન્સ રજૂ કરતા હંમેશા જ ખૂબ ખુશી મહેસૂસ કરીએ છીએ. અમારો હંમેશાથી આ ઉદ્દેશ રહ્યો છે કે ગ્રાહકોને હંમેશા દરેક સંભવ શ્રેષ્ઠ અનુભવ આપવામાં આવે. પ્રતિસ્પર્ધિઓમાં આ લકી ડ્રૉ ખૂબ હિટ રહ્યો છે અને અમે દરેક વિજેતાઓને દિલથી શુભેચ્છા આપીએ છીએ.

# અડાલજ આસપાસ બે અકસ્માતમાં બેના મૃત્યુ

## ખેતરમાં ટ્રેક્ટર રીવર્સ કરવા જતાં કલ્ટીવેટર નીચે બાળક ચગદાઈ ગયુ : ખોરજ ખોડીયાર પાસે કન્ટેનર ટ્રેલરની સાઈડ કાપવા જતા બાઈક ટકરાયું : બાઈકચાલકનું ગળુ કપાઈ જતા બનાવ સ્થળે જ મૃત્યુ

ગાંધીનગર, તા. ૪

અડાલજની આસપાસના વિસ્તારમાં ચોવીસ કલાકમાં બે અકસ્માતના વિવિધ બનાવોમાં એક ૧૦ વર્ષના બાળક સહીત બે ના મૃત્યુ થવા પામ્યા છે. અડાલજના બાપાસીતારામ મંદિર પાસે એક ખેતરમાં ટ્રેક્ટર રીવર્સ કરવા જતાં કલ્ટીવેટર નીચે ૧૦ વર્ષનું બાળક ચગદાઈ જતા તેનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. તો બીજી તરફ ગઈ મોડી સાંજે ખોરજ ખોડીયાર રોડ પર બાઈક કન્ટેનર ટ્રેલર વચ્ચે અકસ્માતમાં ગળુ કપાઈ જતાં બાઈક ચાલક યુવાનનું મૃત્યુ નિપજ્યું હતું. અડાલજ પોલીસે ગુનો નોંધીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ આજે બપોરના અરસામાં અડાલજ ખાતે બાપાસીતારામ મંદિરની બાજુમાં એક ખેતરમાં ટ્રેક્ટર સાથે કલ્ટીવેટર લગાડીને ખેડાણ ચાલી રહ્યું હતું. બાજુમાં સગા-વ્હાલાઓના બાળકો રમી રહ્યા હતા. દરમ્યાન આલમપુરનાં ૧૦ વર્ષિય કેયુલ ફુલાજી ઠાકોર ટ્રેક્ટર પાછળ રમી રહ્યો હતો. ત્યારે ટ્રેક્ટર રીવર્સ કરવા જતા કલ્ટીવેટર તેની પર ચઢી ગયું હતું. કેયુલનું બનાવ સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. ટ્રેક્ટર ચાલક પણ મૃતક બાળકના કુટુંબી મામા હતા. અડાલજ પોલીસે ગુનો નોંધી ઊંડી તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ ગઈ સાંજે ખોરજ રેલવે કોલોની નજીક રેહોતે ૨૭ વર્ષિય સુરેશ ડી. રાજપુત અને તેમનો મિત્ર બાઈક પર ખોડીયાર પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આગળ જતા વાહનની સાઈડ કાપવા જતા એક ટ્રેલર સાથે ટકરાઈ જતા સુરેશને ગળાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. ગળુ કપાઈ જતા તેનું કરૂણ મૃત્યુ થયું હતું. આ બંને ઘટના અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી ઊંડી તપાસ આરંભી છે.



શહેરમાં શિયાળાની ગુલાબી ઠંડીની ઋતુ જામી છે. ત્યારે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા પણ વિશેષ જોવા મળે છે. આજના આધુનિક અને ઝડપી યુગમાં ભૌતિક ઉપકરણોએ માનવજીવનને ઓશિયાળુ બનાવી દિધુ છે. તણાવયુકત જીવન શૈલી અને કસરતના અભાવ વચ્ચે નાગરિકો બિમારીઓના શિકાર થઈ રહયા છે. ત્યારે ઠંડીના દિવસોમાં કસરતના માધ્યમથી શારિરીક સુખાકારી જાળવવા માટે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલે બુધવારે સે-૭ થી કલેકટર કચેરી અને સે-૨૨ સુધી સાઈકલીંગ કરી રૂટીન કામકાજ કર્યુ હતુ.સાઈકલીંગની કસરતથી તંદુરસ્ત રહેવાનો મેસેજ પણ તેમણે પાઠવ્યો હતો.

# ગુજરાત સ્ટેટ યુનાઈટેડ એમ્પ્લોઈઝ ફ્રન્ટની રચના

## મુખ્ય કન્વીનર તરીકે દિગ્વિજયસિંહ જાડેજા, પ્રમુખ તરીકે ભવાનસિંહ પરમાર અને મહામંત્રી તરીકે અબ્દુલભાઈ ચૌહાણની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા. ૪

રાજયના કર્મચારીઓના અસંખ્ય પડતર પ્રશ્ન અંગે સચિવાલય ફેડરેશન, પંચાયત કર્મચારી મહાસંઘ, પ્રાથમિક શિક્ષણ સંઘ તેમજ રાજ્ય સેવા કર્મચારી અને માન્ય મંડળના પ્રમુખ હોદ્દેદારોની મહત્વની બેઠક રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘ ભવન ખાતે મળી હતી. જેમાં હવે પછી કર્મચારીઓના પડતર પ્રશ્નોના ઉકેલ માટે અને તેમની માંગણીઓની સરકાર સમક્ષ રજૂઆત માટે "ગુજરાત સ્ટેટ યુનાઈટેડ એમ્પ્લોઈઝ ફ્રન્ટ"ની રચના કરવામાં આવી છે. જે આગામી સમયમાં સરકાર સમક્ષ રજૂઆત કરશે.

રાજ્ય સરકાર તરફથી અધિક મુખ્ય સચિવે માત્ર સરકારી કર્મચારી હોય અને સરકાર માન્ય મંડળમાં હોદ્દો ધરાવતા હોય તેવા જ કર્મચારી મંડળોને કર્મચારીઓના પડતર પ્રશ્નો માટે હવે પછી સત્તાવાર બેઠકોમાં બોલાવવામાં આવશે. અને નિવૃત્ત કર્મચારીઓ કે સરકારની માન્યતા ન ધરાવતા કોઈ પણ મંડળોને સરકારને ચર્ચામાં ન બોલાવવાનો નિર્ણય કર્યો છે. સરકારના આ નિર્ણય સામે આજ રોજ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ ભવન ગાંધીનગર ખાતે રાજ્ય સરકારના માન્ય મંડળો, સંઘો અને મહાસંઘોના હોદ્દેદારોની અગત્યની બેઠક મળી હતી. આ બેઠકમાં કર્મચારીઓના પડતર પ્રશ્નો માટે ગુજરાત સ્ટેટ યુનાઈટેડ એમ્પ્લોઈઝ ફ્રન્ટની રચના કરવામાં આવી છે. હવે પછી કર્મચારીઓના પડતર પ્રશ્નોના ઉકેલ કર્મચારીઓને લગતી કોઈપણ માંગણીઓની સરકાર સમક્ષ રજુઆત બાબદે આ સંયુક્ત મોરચા ગુજરાત સ્ટેટ યુનાઈટેડ એમ્પ્લોઈઝ ફ્રન્ટ રજૂઆત કરશે.

આ સંયુક્ત મોરચાની ૨૭મીના રોજ સત્તાવાર બેઠક સરકાર સાથે મળી હતી અને ચર્ચાના અંતે રાજ્ય સરકારના કર્મચારીઓના પ્રશ્નોનો સકારાત્મક સ્વીકાર કરવામાં આવ્યો છે. અને સંમતિ સધાયેલા પ્રશ્નોના હૂકમો વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે તેમજ ચૂંટણી બાદ સ્વીકારેલ પ્રશ્નો અંગે જાહેરાત કરાશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં પ્રા. શિક્ષણ સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, સચિવાલય ફેડરેશનના પ્રમુખ ભવાનસિંહ પરમાર, પ્રદિપસિંહ બિહોલા, પંચાયત કર્મચારી મહાસંઘના પ્રમુખ અબ્દુલભાઈ ચૌહાણ, કોર્ટ કર્મચારી મહામંડળના પ્રમુખ આઈ.આઈ. માલવત, આરોગ્ય ફેડરેશનના ભરતસિંહ ઝાલા, ધીરૂભાઈ પટેલ વગેરે હાજર રહ્યા હતા. નવરચિત ગુજરાત સ્ટેટ યુનાઈટેડ એમ્પ્લોઈઝ ફ્રન્ટના પ્રમુખ તરીકે ભવાનસિંહ પરમાર, મહામંત્રી તરીકે અબ્દુલભાઈ ચૌહાણ અને મુખ્ય કન્વીનર તરીકે દિગ્વિજયસિંહ જાડેજાની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

# દહેજે ત્રણના જીવ લીધા

## લીખી ગામે પરિણીતાએ બે બાળકો સાથે અગ્નિસ્નાન કરતા અરેરાટી

હિંમતનગર, તા. ૪

હિંમતનગર તાલુકાના લીખી ગામે રહેતી એક પરિણીતાએ દહેજના કારણે બુધવારે સવારે પોતાના ઘરમાં જ બે નાના બાળકો સાથે શરીર પર કેરોસીન છાંટી અગ્નિ સ્થાન કરી લેતા ગામમાં અરેરાટી પ્રસરી ગઈ હતી. ઉપરાંત ગામમાં તંગદિલી સર્જાતા પોલીસે બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

આ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાંથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના કેશરપુરા ગામના પિંકલબાના લગ્ન લીખી ગામના લાલસિંહ લક્ષ્મણસિંહ ચૌહાણ સાથે ચાર વર્ષ અગાઉ કરાયા હતા. ત્યાર બાદ પતિ તથા સાસરીયાઓએ પિંકલબાને મકાન બનાવવા તથા ભેંસ લાવવા માટે પિયરમાંથી રૂ. ૨ લાખ લઈ આવવા માટે દબાણ કરી શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.

જેથી કંટાળીને પિંકલબાએ તેમના બાળકો સિદ્ધરાજ (ઉં.વ. દોઢ) અને રાજેશ્વરી (ઉં.વ.૩)ને સાથે રાખી બુધવારે સવારે પોતાના ઘરમાં જ કેરોસીન છાંટી ત્રણેય જણા સળગી ગયા હતા. જોકે આ સમયે તેમના પતિ લાલસિંહ ચૌહાણ ગામની ડેરીમાં દૂધ ભરાવવા ગયા હતા ત્યારે પિંકલબાએ પોતાના બે બાળકો અને જાતે સળગી ગયા હતા.

ત્યારબાદ ગામમાં ખબર પડતા અનેક લોકો ભેગા થઈ ગયા હતા અને ત્રણેયની હાલત જોઈને કંપારી છુટી જાય તેવા દ્રશ્યો સર્જાયા હતા. બીજી તરફ લીખી ગામે બનેલી ઘટના સંદર્ભે પિંકલબાના કાકા મનુસિંહ શેતાનસિંહ ઝાલાએ ત્રણ સાસરીયા વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

દરમિયાન લીખી ગામે બનેલી ઘટના સંદર્ભે ગામની સુલેહ-શાંતિ જળવાઈ રહેતે માટે ડી.વાય.એસ.પી. એ.ડી. શ્રીવાસ્તવ, ગ્રામ્ય પોલીસસ્ટેશનના પી.એસ.આઈ. કિરીટસિંહ બિહોલા તથા સ્ટાફે બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જેમાં જાદર પોલીસની પણ મદદ લેવામાં આવી હતી.



અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી સ્પર્ધા મોડાસાની મ. લા. ગાંધી કેમ્પસ ભા. માં. સા. હોલમાં ગુજરાત સરકાર દ્વારા પ્રથણ વખત મોડાસા જેવા શહેરમાં યોજવામાં આવી છે. જેમાં અલગ અલગ ૧૫ નાટકો નાટ્યકાર દ્વારા બતાવવામાં આવનાર છે. જેના પ્રથમ દિવસે આ નાટકને શરૂઆત પહેલા મંચસ્ત મહેમાનો જેવા કે મ.લા.ગાંધી પ્રમુખ નવીનચંદ્ર મોદી, એક્ટીવ પ્રેસ પ્રમુખ કેતુલભાઈ જયસ્વાલ તથા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના કો-ઓર્ડીનેટર ડી. કે. પટેલ જેવા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કરી પધારેલ મહેમાનોને ફૂલછડી સાલ ઓઢાડી મોમેન્ટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું તે પ્રસંગની તસવીર.

# દેશદ્રોહ આરોપ સામે હાર્દિકની અરજીને અન્ય બેંચને સોંપાઈ

## બન્ને જજે કપિલ સિબ્બલની દલીલો બાદ બે-ત્રણ મિનિટ ચર્ચા કર્યા બાદ અરજી અન્ય બેંચને સોંપવાનો હુકમ કર્યો

અમદાવાદ, તા. ૦૪

સુપ્રીમ કોર્ટે પટેલ ક્વોટા આંદોલનના નેતા હાર્દિક પટેલની અરજીને અન્ય બેંચને સોંપી દીધી છે. તેની સામે દાખલ કરવામાં આવેલા દેશદ્રોહના આરોપોને રદ કરવાની માંગ કરીને દાખલ કરવામાં આવેલી હાર્દિક પટેલની અરજીને સુપ્રીમ કોર્ટે આજે અન્ય બેંચને સોંપી દીધી હતી. હાર્દિક પટેલ ઉપર અન્ય કાર્યકરને ઉશ્કેરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ગુજરાતના પોલીસ જવાનોને માર મારવા અથવા તો તેમની હત્યા કરી દેવા એક યુવાનને ઉશ્કેરવાનો હાર્દિક પટેલ ઉપર આક્ષેપ કરવામાં આવ્યો છે. દેશદ્રોહનો આક્ષેપ તેના પર કરાયો છે. જસ્ટીસ વી ગોપાલા ગૌડા અને અમિતવા રોયની બનેલી બેંચે કહ્યું છે કે, અમે અન્ય બેંચને આ અરજી મોકલી રહ્યા છીએ. જોકે આના માટે અન્ય કોઈ કારણ આપવામાં ન હતા. આજે સુપ્રીમ કોર્ટમાં અડધા કલાક સુધી પુર્વ કેન્દ્રીય મંત્રી અને વરિષ્ઠ વકિલ કપિલ સિબ્બલની દલીલો ઉપર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આશરે બે-ત્રણ મિનિટ સુધી એકબીજા સાથે જજોએ ચર્ચા કરી હતી. બન્ને જજોએ ચર્ચા કર્યા બાદ આ નિર્ણય લેવાયો હતો. કપિલ સિબ્બલે પોતાની દલીલો કરતા કહ્યું હતું કે દેશદ્રોહના આરોપો ૨૨ વર્ષીય હાર્દિક પટેલ સામે લાગુ કરી શકાય નહીં. વરિષ્ઠ વકિલે ૧૮મી ઓક્ટોબરના દિવસે હાર્દિક પટેલ સામે દાખલ કરવામાં આવેલી એફઆઈઆરની બાબતનો ઉલ્લેખ કર્યો હતો. જેમાં દેશદ્રોહના ગુના સાથે સંબંધિત ઈન્ડિયન પીનલ કોડની જુદી-જુદી જોગવાઈ દર્શાવવામાં આવી હતી. સિબ્બલે કહ્યું હતું કે, કેટલાક ચાર્જો ગુજરાત હાઈકોર્ટે રદ કરી દીધા છે. જ્યારે કેટલાક આરોપો દુર કરવામાં આવ્યા નથી. અમે ઈન્ડિયન પીનલ કોડની જોગવાઈને પડકારી રહ્યા નથી. દેશદ્રોહના આરોપોને લઈને પોલીસે તેની એફઆઈઆરમાં કહ્યું હતું કે, હાર્દિક પટેલે આત્મહત્યા ન કરવા વિપુલ દેસાઈને કહ્યું હતું. આત્મહત્યા કરવાના બદલે બે-ત્રણ પોલીસ જવાનોને મારી નાખવા માટે કહ્યું હતું.

# અમદાવાદમાં ભાજપના ૧૮૬ ઉમેદવાર પૈકી ૬૧ પટેલ ઉમેદવારો મેદાનમાં

અમદાવાદ કોર્પોરેશનની ચુંટણી ભાજપની પ્રતિષ્ઠા સમાન બની રહેશે. આગામી સુધરાઈ ચુંટણી આડે માત્ર ૧૭ દિવસનો ગાળો રહી ગયો છે ત્યારે આનંદીબેન પટેલ સરકાર હજુ પણ પાટીદાર સમુદાયમાં સંપૂર્ણપણે વિશ્વાસ ધરાવે છે. પાટીદાર આંદોલન છતાં ભાજપે જે મતદાર યાદી જાહેર કરી છે તે મુજબ પાટીદારોને વધારે મહત્વ આપવામાં આવ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણી માટેની ભાજપની યાદી પરથી લાગે છે કે ભાજપે આ સમુદાયમાં જ વધારે વિશ્વાસ મુક્યો છે. ભાજપ દ્વારા ૧૮૬ જાહેર કરવામાં આવેલા ઉમેદવાર પૈકી ૬૧ પાટીદાર ઉમેદવાર છે. એટલે કે આ વખતે પટેલ ઉમેદવારોની સંખ્યા આશરે ૩૩ ટકાની આસપાસની છે.ભાજપે આશરે ૩૩ ટકા પટેલ ઉમેદવારોને મેદાને ઉતારી દીધા છે. વર્ષ ૨૦૧૦માં ૨૮ ટકા તેમનું પ્રતિનિધિત્વ રહી ચુક્યું છે. ૫૫ પટેલ ઉમેદવારોને ભાજપની ટિકિટ આપવામાં આવી છે. પાર્ટીએ તેના વર્તમાન મ્યુનિસિપલ કાઉન્સીલરો પૈકીના ૩૦ ટકાને રિપીટ કર્યા છે. જે સંકેત આપે છે કે ભાજપની વ્યુહરચના ખૂબ જ અસરકારક છે. ૭ અન્ય મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીને લઈને પણ ભાજપ લડાયક મૂડમાં છે. અન્ય એક રસપ્રદ બાબત એ છે કે ભાજપે મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ ઓછી આપી છે. વર્ષ ૨૦૧૦ની ચુંટણીમાં ભાજપે ૭ ઉમેદવારોને ઉતાર્યા હતા. પરંતુ આ વખતે માત્ર ચાર મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે. સ્થાનિક ભાજપની ઓફિસ ઉપર ભારે ચર્ચા વિચારણાનો દોર ચાલી રહ્યો છે. આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી ખૂબ જ પ્રતિષ્ઠા સમાન રહેનાર છે. ૨૦૧૦માં નરેન્દ્ર મોદી આક્રમક મૂડમાં દેખાયા હતા.

### અંતિમ તબક્કાનું મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

તબક્કાના મતદાન માટે તમામ મતદાન મથકો પર ખાસ તૈયારી કરી લેવામાં આવી છે. મતદાન મથકો પૈકી અનેક મતદાન મથકો સંવેદનશીલ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. તમામ બુથ પર કેન્દ્રિય દળના જવાન રહેશે. લાઈવ વેબકાસ્ટિંગ પણ મતદાન મથકો ખાતે કરવામાં આવનાર છે. પાંચમા તબક્કામાં જે ઉમેદવારોના ભાવિ નક્કી કરવામાં આવનાર છે તેમાં જેડીયુના નેતા બિજેન્દ્ર પ્રસાદ યાદવ, આરજેડીના નેતા અબ્દુલ બારી, નરેન્દ્ર નારાયણ યાદવ અને લાલુ યાદવની નજીકની વ્યક્તિ ભોલા યાદવનો સમાવેશ થાય છે. ચૂંટણીમાં મોટી સંખ્યામાં માઈક્રો ઓબ્ઝર્વર ગોઠવી દેવામાં આવનાર છે. મતદાનને શાંતિપૂર્ણરીતે પાર પાડવા માટે તમામ તૈયારી કરવામાં આવી છે.

પાંચમાં તબક્કાની ચુંટણી ખૂબ જ મહત્વપૂર્ણ છે. ચુંટણીને ધ્યાનમાં લઈને માઈક્રો ઓબ્જર્વર તૈનાત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત જનરલ ઓબ્જર્વર, ખર્ચ ઓબ્જર્વર, પોલીસ અને જાગૃતિ ઓબ્જર્વર તૈનાત કરવામાં આવ્યા છે. કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પણ તમામ પગલા લેવાયા છે. સ્થિતિને હળવી કરવા છેલ્લા કેટલાક દિવસથી તૈયારી ચાલી રહી હતી. ચુંટણીપંચે ઊંચા મતદાનની ખાતરી કરવા તમામ પગલા લીધા છે. શરૂઆતના ચારેય તબક્કા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ ગયા બાદ સ્થિતિને યથાવત રાખવાના પ્રયાસ કરવામાં આવી શકે છે. ઊંચા મતદાનની આશા ભાજપ અને મહાગઠબંધનના લોકો રાખી રહ્યા છે.પાંચમા અને અતિમ તબક્કામાં જેડીયુના ૨૫ ઉમેદવારો ભાગ્ય અજમાવી રહ્યા છે. જ્યારે આરજેડીના ૨૦ અને કોંગ્રેસના ૧૨ ઉમેદવારો છે. ભાજપે ૩૮ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. એલજેપીના ૧૧ ઉમેદવારો મેદાનમાં છે. તમામ મતદારોમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે.

**ચુંટણીનું જાહેરનામુ...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી છે, જે ઉલ્લેખનીય છે. આ ચૂંટણીમાં ઈવીએમ દ્વારા વોટીંગ થશે. ૧૦મી નવેમ્બર સુધી આ ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરી શકાશે. ૨૮મી નવેમ્બરે મતદાન થશે. જ્યારે ૧૪મી નવેમ્બરે ઉમેદવારીપત્રોની ચકાસણી થશે અને ૧૬મી નવેમ્બર સુધીમાં ઉમેદવારીપત્ર પાછા ખેંચી શકાશે. આ ચૂંટણી પ્રક્રિયા માટે તંત્ર સંપૂર્ણ સજ્જ થઈ ચૂક્યું છે. કર્મચારીઓની પ્રથમ તબક્કાની આ માટેની તાલીમ પણ પૂર્ણ થઈ ગઈ છે.

જિલ્લા તંત્ર દ્વારા તમામ તૈયારીઓ થઈ જવા પામી હોવાની સાથે સાથે આ ચૂંટણી માટેના કર્મચારીઓની ફરજોના હુકમો પણ થઈ ગયા છે એટલું જ નહીં, ઈવીએમ સહિત સ્ટેશનરીની પણ ફાળવણી કરી દેવામાં આવી છે.

**પ્રથમ ટેસ્ટ મેચ...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

ધોનીના નેતૃત્વમાં ટી-૨૦ શ્રેણીમાં ૨-૦થી અને ત્યારબાદ વનડે શ્રેણીમાં ૩-૨થી હારનો સામનો કર્યા બાદ કોહલી હવે ભારતીય ટીમને જીત અપાવવા ઉત્સુક દેખાઈ રહ્યો છે. મુરલી વિજય અને શિખર ધવન ઓપનિંગ કરવા માટે સજ્જ દેખાઈ રહ્યા છે. લોકેશ રાહુલ અને ચેતેશ્વર પુજારા બેમાંથી કોની પસંદગી કરવી તે બાબતને લઈને મુશ્કેલી ઉભી થઈ ગઈ છે. બંને ખેલાડીઓ હાલમાં બે સદીઓ સ્થાનિક ક્રિકેટમાં ફટકારી ચુક્યા છે. આને લઈને પસંદગીકારો પણ ઉત્સુક દેખાઈ રહ્યા છે. પસંદગીકારો સામે મોટી સમસ્યા બોલિંગ વિભાગને લઈને દેખાઈ રહી છે. જાડેજાને ટેસ્ટ ટીમમાં ફરી સામેલ કરવામાં આવ્યો છે. રણજીટ્રોફી મેચોમાં તેનો દેખાવ ખુબ શાનદાર રહ્યો છે પરંતુ ટેસ્ટ શ્રેણીમાં જાડેજાનો દેખાવ કેવો રહે છે તે બાબત મહત્વપૂર્ણ રહેશે. દક્ષિણ આફ્રિકા સામે તે પ્રથમ ટેસ્ટ મેચમાં રમે તેવા સ્પષ્ટ સંકેત દેખાઈ રહ્યા છે.

**ભાજપ લાલઘુમ...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

શાહરૂખ પર પ્રહાર કર્યા બાદ હોબાળો મચી ગયા પછી પોતાનું નિવેદન પાછુ ખેંચી લીધું છે અને કહ્યું છે કે તેમના નિવેદનને ખોટી રીતે રજુ કરાયું છે. જો કોઈને તેમના નિવેદનથી ઠેસ પહોંચી છે તો તેઓ નિવેદન પરત ખેંચે છે. અગાઉ ભાજપના આ નેતાએ કહ્યું હતું કે, શાહરૂખ ખાન કહે છે કે તેની જમીન પાકિસ્તાનમાં છે. વિજયવર્ગીય, સાધ્વી પ્રાચીએ શાહરૂખ ખાનને રાષ્ટ્ર વિરોધી અને પાકિસ્તાનના એજન્ટ તરીકે ગણાવી તેની ઝાટકણી કાઢી હતી. શાહરૂખ ખાનને ભારતના મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદી હાફિજ સઈદ તરફથી પાકિસ્તાનમાં રોકાવવાનું આમંત્રણ મળે છે. શાહરૂખ ખાને હાલમાં જ એક મુલાકાતમાં ભારતમાં વધતી અસહિષ્ણુતાની વાત કરી હતી. પરંતુ એવોર્ડ પરત આપવાનો ઈન્કાર કર્યો હતો. અસહિષ્ણુતાની ટિપ્પણી કરવા બદલ કેટલાક રાજકારણીઓ દ્વારા ટિકા કરવામાં આવી હતી. શાહરૂખ ખાને એક કાર્યક્રમ દરમિયાન પોતાના અભિપ્રાય આપતા કહ્યું હતું કે, દેશભરમાં અસહિષ્ણુતા વધી રહી છે જેના કારણે સરકાર દ્વારા આપવામાં આવેલા પ્રતિષ્ઠાજનક એવોર્ડ કેટલાક લેખકો, ફિલ્મ નિર્માતાઓ અને કલાકારોને પરત કરવાની ફરજ પડી છે. શાહરૂખ ખાનને લઈને એકબાજુ વિરોધ પક્ષો પણ આકરા પ્રહાર કરી રહ્યા છે.

### અન્ડરપાસ બનાવવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત અન્ય ત્રણ મુખ્ય માર્ગોને પણ અન્ડરપાસ હેઠળ આવરી લેવા વિચારણા હાથ ધરવામાં આવી હતી. જો કે માર્ગ મકાન વિભાગ દ્વારા હજુ અન્ડરપાસ બનાવવાનુ આયોજન આખરી કરવામાં આવ્યુ નથી. પરંતુ આ મામલે સક્રીય વિચારણા હાથ ધરાતા ટુંકમાં ગતિવિધિઓ શરૂ કરાય તેવી પણ સંભાવના છે.

### કોંગ્રેસ દ્વારા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સદસ્યોને પણ જિલ્લા પંચાયત માટેની તક આપવામાં આવી છે. ઉમેદવારોની યાદીમાં નવા ચહેરાઓ અને યુવાનોને પણ તક મળી હોવાનું પક્ષના સૂત્રોએ જણાવ્યું છે.

પક્ષ દ્વારા ૬ઠ્ઠીએ અથવા ૭મીએ વિધિવત્ રીતે ઉમેદવારોની યાદી આખરી જાહેર કરી દેવામાં આવશે. ઉમેદવારોની યાદી તબક્કાવાર ઘોષિત કરવામાં આવશે તેમ પણ પક્ષના સૂત્રોએ જણાવ્યું હતું.